



રાહુલના આકરા પ્રહારો : ઉત્તર ગુજરાતના મહેસાણા ખાતે કોંગ્રેસ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ વિધાનસભા ચૂંટણીનું રણશિંગુ ફૂંકતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પર નોટબંધીના મામલે આકરા પ્રહારો કર્યા હતા. એક લાખથી વધુ જનમેદની વાળી રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ સહારા ઈન્ડસ્ટ્રીઝના કેટલાક લેવડ-દેવડના હિસાબોની ડાયરીમાંથી અપાયેલા નાણાંની વિગતો જાહેર કરતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સહિત પ્રદેશના આગેવાનોએ પ્રવચનો કર્યા હતા.

# રીઝર્વ બેંકનો યુ-ટર્ન

## કેવાયસી ખાતામાં ૫૦૦૦થી વધુની જુની નોટો જમા કરવા પર નિયમ દૂર આરબીઆઈએ બે દિવસ બાદ જ યુ-ટર્ન લઇને નિર્ણય પાછો ખેંચ્યો

નવીદિલ્હી,તા. ૨૧

લોકોને થઈ રહેલી મુશ્કેલી અને આક્ષેપબાજીના દોર વચ્ચે જોરદાર યુ ટર્ન લઈને આરબીઆઈએ આજે કેવાયસી યુક્ત ખાતામાં ૫૦૦૦ રૂપિયાની જુની નોટ જમા કરવા ઉપર લાગૂ નિયમોને દૂર કરી દીધા છે. આરબીઆઈએ આ નિર્ણય આજે પાછો ખેંચી લીધો હતો. આ નિયમમાં ૩૦મી ડિસેમ્બર પહેલા ૫૦૦૦ રૂપિયાથી વધુની જુની નોટ જમા કરવા ઉપર નિયંત્રણ લાગૂ કરવામાં આવ્યા હતા. હવે ૩૦મી ડિસેમ્બર સુધી ૫૦૦૦ રૂપિયાથી વધુની જુની નોટ પણ જમા કરી શકાશે પરંતુ કેવાયસી ખાતાઓમાં જ આ રકમ જમા થઈ શકશે. આરબીઆઈ દ્વારા આજે આ અંગેનો ખુલાસો કરવામાં આવ્યો હતો. કેન્દ્રીય બેંક તરફથી જારી કરવામાં આવેલા નવા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, કેવાયસી ખાતા ઉપર એક વખતે જમા કરનાર રકમ ઉપરના નિયમો લાગૂ થશે નહીં. આરબીઆઈના આ સ્પષ્ટીકરણનો મતલબ એ છે કે જે ખાતા માટે કેવાયસી દસ્તાવેજ ઉપલબ્ધ છે તેમાં જેટલી પણ રકમ છે કેટલી પણ વખત નાણા જમા કરાવી શકાય છે. આ અગાઉ સોમવારના દિવસે આરબીઆઈએ જાહેરનામુ જારી કરીને કહ્યું હતું કે, જે લોકોની પાસે હવે જુની નોટ બચી છે તેઓ વારંવાર બેંકમાં જઈને નાણા જમા કરવાના બદલે એક જ વખત જમા કરે. આના માટે એક શરત પણ મુકવામાં આવી હતી. આવા જમા કરનાર લોકો માટે લેખિત શરત પણ રાખવામાં આવી હતી. પૈસાની વિગત આપવા માટે કહેવામાં આવ્યું હતું. આરબીઆઈના આ નિર્દેશ બાદ બેંકોમાં ૫૦૦૦ રૂપિયાથી વધુની રકમ જમા કરનારની ભીડ થવા લાગી હતી. કેટલાક લોકોએ આ પ્રશ્નના જોરદાર જવાબ પણ આપ્યા હતા. જુદી જુદી બેંકોમાં આ નિર્દેશ બાદ શંકાની સ્થિતિ જોવા મળી હતી. કેટલીક બેંકોએ ૫૦૦૦ રૂપિયાથી વધુની રકમ જમા કરવા આવેલા લોકોને પરત મોકલી દીધા હતા. ૮મી નવેમ્બરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નોટબંધીની જાહેરાત કરી હતી. રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટ ઉપર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો હતો ત્યારબાદથી સામાન્ય લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કેવાયસી ખાતાઓ માટે જારી સરક્યુલરને પરત ખેંચી લેવાયો છે.

## રાહુલે શું શું કહ્યું..

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે ધારણા પ્રમાણે જ ભાજપના ગઢ એવા ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, સરકાર ખેડૂતોની જમીન આંચકી લેવાનું કામ પણ કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, નોટબંધી દેશના ૯૯ ટકા લોકોની સામે છે. માત્ર છ ટકા કાળા નાણા રોકડમાં છે. ૯૪ ટકા કાળા નાણા રિયલ એસ્ટેટ, સોનામાં અને હિરામાં તથા વિદેશી બેંકોમાં હોવાનો દાવો રાહુલે કર્યો હતો. રાહુલે શું કહ્યું તે નીચે મુજબ છે.

- નોટબંધી લોકો ઉપર બોંબમારા સમાન છે. એક ટકા લોકોને ટાર્ગેટ બનાવવાના બદલે ૯૯ ટકા લોકોને ટાર્ગેટ બનાવાયા છે
- ૫૦ પરિવારોની સામે કાર્યવાહીના બદલે ખેડૂતો, મજુરો, મધ્યમવર્ગ પર સર્જિકલ સ્ટ્રાઈક કરાઈ
- ખેડૂતોના બદલે અમીર લોકોની લોન માફ કરાઈ છે
- કેશલેસ ટ્રાન્ઝિક્શનનો હેતુ કંપનીઓને ૫-૬ ટકા કમિશન અપાવવાનો છે
- મોદીને નવ વખત કરોડો રૂપિયા આપવામાં આવ્યા હતા. દસ્તાવેજો ઉપર ઈન્કમટેક્સના અધિકારીઓના હસ્તાક્ષર રહેલા છે
- ૨૨મી નવેમ્બર ૨૦૧૪ના દિવસે સહારા કંપની ઉપર પાડવામાં આવેલા દરોડામાં મોદીને કથિતરીતે કરોડો રૂપિયા આપવાની વાત સપાટી ઉપર આવી હતી પરંતુ તેમા તપાસ હજુ સુધી થઈ નથી
- બેઈમાન લોકોના દેવા માફ કરવામાં આવી રહ્યા છે
- ગુજરાતમાં દલિતો હંમેશા દહેશતમાં રહે છે
- દેશમાં ભ્રષ્ટાચાર દૂર કરવામાં કોંગ્રેસ સરકારની સાથે સાથે
- સરકાર ખેડૂતોની જમીન આંચકી રહી છે
- નોટબંધી દેશના ૯૯ ટકા લોકોની વિરુદ્ધ છે
- માત્ર છ ટકા કાળાનાણા રોકડમાં છે
- ૯૪ ટકા કાળા નાણા રિયલ એસ્ટેટમાં, સોનામાં, હિરામાં અને વિદેશી બેંકોમાં છે
- મોદી સરકારે વિજય માલ્યાના ૧૨૦૦ કરોડ રૂપિયાનું દેવું કેમ માફ કર્યું તેવો પ્રશ્ન કર્યો
- નોટબંધીની વાસ્તવિકતા એ છે કે, સામાન્ય લોકોના પૈસા વધુને વધુ સમય બેંકમાં રહ્યા છે
- એક મહિનામાં ખબર પડી ગઈ છે કે તમામ બ્લેકમની બહાર આવી ગઈ છે
- મોદીએ ચોર લોકોના પૈસાને કાળાથી સફેદ બનાવી દીધા છે
- નરેન્દ્ર મોદી મોટા ઈવેન્ટ મેનેજમેન્ટ તરીકે ઉભર્યા છે
- મોદી કાળા નાણાને ભુલી ગયા ત્યારબાદ આતંકવાદીઓની સામે પગલાની વાત કરવા લાગ્યા
- નવી નોટ ત્રાસવાદીઓ પાસેથી મળવાની શરૂઆત થઈ ચુકી છે
- નકલી નોટ બાદ મોદીએ કેશલેસની વાત શરૂ કરી હતી
- તેમને સંસદમાં બોલાવાની તક અપાઈ ન હતી, મોદી તેમની સામે ઉભા રહેવા તૈયાર ન હતા
- છ મહિનામાં નવ વખત મોદીને કંપની પાસેથી પૈસા આપવામાં આવ્યા હતા તેની તપાસ થઈ ન હતી
- મોદીએ દેશના લોકોને લાઈનમાં ઉભા રાખ્યા છે પરંતુ કંપનીને તેમને પૈસા આપે છે કે કેમ તે અંગે વાસ્તવિકતા આપવા પડકાર ફેંક્યો
- સહારાની ડાયરીમાં લખ્યું છે કે, કંપનીએ છ મહિનામાં નવ વખત મોદીને પૈસા આપ્યા હતા
- કાળા નાણા ધરાવનારને કેમ બચાવવામાં આવી રહ્યા છે
- સરકારે પાટીદારો અને મહિલાઓ ઉપર અત્યાચાર ગુજાર્યો હતો
- પરેશાનીના કારણે ખેડૂતો આપઘાત કરી રહ્યા છે
- પાટીદારોએ શાંતિથી આંદોલન ચલાવ્યું હતું પરંતુ તેમની સામે અત્યાચાર કરવામાં આવ્યા હતા
- સરકારે ગરીબો ઉપર ગોળીબાર કરવાના આદેશો આપ્યા હતા
- કન્સ્ટ્રક્શન, એન્જિનિયરિંગ, ડાયમંડ, પરિવહન જેવા ક્ષેત્રોને ભારે નુકસાન થઈ રહ્યું છે
- સામાન્ય લોકોના ખાતામાં ૧૫ લાખ આપવાની વાત થઈ હતી પરંતુ હજુ સુધી એક પૈસો પણ જમા થયો નથી
- છથી સાત મહિના સુધી મોદી બેંકોમાં નાણા રાખવા માંગે છે જેથી અમીર લોકોની લોન માફ થઈ શકે

## અમિત શાહના આવાસ પર રેડ કેમ નહીં : મમતાનો પ્રશ્ન

કોલકાતા,તા. ૨૧

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આજે ફરી એકવાર નોટબંધીને લઈને કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ઉપર પ્રહાર કરતા મમતાએ કહ્યું હતું કે, અમિત શાહ અને અન્ય લોકોના આવાસ ઉપર દરોડા કેમ પાડવામાં આવી રહ્યા નથી. આ લોકો બ્લેકમની જમા કરી રહ્યા છે. મમતા બેનર્જીએ તમિળનાડુના પ્રમુખ સચિવ રામમોહન રાવના આવાસ પર દરોડાને અરવિંદ કેજરીવાલના પ્રધાન સચિવ પર પાડવામાં આવેલા દરોડા સાથે જોડીને આક્ષેપો કર્યા હતા. કેન્દ્ર ઉપર પ્રહાર કરતા મમતાએ કહ્યું હતું કે, માત્ર વિરોધી દળોને જ ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. મમતાએ કહ્યું હતું કે, બિનભાજપ શાસિત રાજ્યો રડાર પર છે. મમતાએ ટ્વિટર પર કહ્યું હતું કે, પહેલા અરવિંદ કેજરીવાલના પ્રધાન સચિવ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. હવે તમિળનાડુના પ્રધાન સચિવ પર દરોડા પાડવામાં આવ્યા છે. મમતા બેનર્જીએ આ કાર્યવાહીને અનૈતિક અને ખોટી ગણાવીને કહ્યું હતું કે, આનાથી લોકશાહી માળખાને નુકસાન થશે. ભ્રષ્ટાચારની ચોક્કસપણે ટિકા થવી જોઈએ. કેન્દ્રીય તપાસ સંસ્થા તરફથી પ્રધાન સચિવ પર દરોડાની કાર્યવાહીથી વહીવટી સેવા નામની સંસ્થાની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે. મમતાએ કહ્યું છે કે, એજન્સીએ દરોડા પાડતા પહેલા રાજ્ય સરકારને વિશ્વાસમાં લેવાની જરૂર છે. પ્રધાન સચિવને પદથી દૂર કરવામાં આવ્યા બાદ જ કાર્યવાહી થવી જોઈએ. નોટબંધી બાદ મમતા બેનર્જી સરકારની સામે સૌથી પ્રબળરીતે આક્ષેપબાજી કરવા મેદાનમાં આવ્યા છે. દિલ્હી અને પટણામાં મમતા બેનર્જીએ સરકારના નિર્ણયની સામે વિરોધ પ્રદર્શન પણ કર્યા છે. બીજી બાજુ ભાજપ અધ્યક્ષ અમિત શાહે શનિવારના દિવસે યુપીના શાહજહાંપુરમાં પરિવર્તન રેલીને સંબોધતા વિપક્ષ ઉપર પ્રહારો કર્યા હતા. શાહે કહ્યું હતું કે, વિપક્ષના હોબાળાના લીધે સંસદની કામગીરી ચાલી શકી નથી. નોટબંધીથી મમતા અને માયાવતીના ચહેરાના રંગ ઉડી ગયા છે. વિપક્ષો લાઈનોના બહાના બનાવી રહ્યા છે.

## તમિળનાડુના મુખ્ય સચિવના આવાસ, ઓફિસો પર દરોડા

નવીદિલ્હી,તા. ૨૧

તમિળનાડુના મુખ્ય સચિવ રામમોહન રાવના આવાસ ઉપર આવકવેરા વિભાગના દરોડાના કારણે આજે ભારે ખળભળાટ મચી ગયો હતો. ચેન્નાઈમાં અન્નાનગર સ્થિત રામના આવાસ ઉપર આવકવેરાની ટીમે આજે સવારથી જ આક્રમક કાર્યવાહી હાથ ધરી હતી. નોટબંધી બાદથી દેશભરમાં જુદી જુદી જગ્યાઓ ઉપર આવકવેરા વિભાગે દરોડા પાડવાનો દોર જારી રાખ્યો છે. પ્રથમ વખત કોઈ રાજ્યના સૌથી મોટા અધિકારીના ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. આ અગાઉ ખાણ કારોબારી શેખર રેડ્ડીના આવાસ ઉપર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. રેડ્ડીને મુખ્ય સચિવના વિશ્વાસુ તરીકે ગણવામાં આવે છે. દરોડાને રેડ્ડીને ત્યાં પાડવામાં આવેલા દરોડા સાથે જોડીને જોવામાં આવે છે.



આવકવેરા વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, થોડા દિવસો અગાઉ માઈનિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલા શેખર રેડ્ડીને ત્યાં પણ રેડ પાડી હતી જેમાં મોટા પ્રમાણમાં સોનું, જુની ચલણી નોટો તથા નવી ચલણી નોટો મળ્યા હતા. રેડ્ડી અને તેમના સાથીઓના ત્યાંથી ૧૪૨ કરોડ રૂપિયાની રોકડ રકમ મળી આવી હતી. આ ઉપરાંત ૧૨૭ કિલોગ્રામથી વધારે સોનાનો જથ્થો પણ મળી આવ્યો હતો.

## રૂપિયા ૨૦ હજારથી વધુની હદમાં વધારે દાન ભાજપને

દેશની સાત રાષ્ટ્રીય પાર્ટીઓને વર્ષ ૨૦૧૫-૧૬માં રૂપિયા ૨૦૦૦૦થી વધુની લિમિટમાં કુલ ૧૦૨ કરોડ રૂપિયા ડોનેશન તરીકે મળ્યા છે. આ રકમ ૧૭૪૪ ડોનેશનથી મળી છે. સૌથી વધારે ડોનેશન રકમ ભાજપને મળી છે. ભાજપને ૬૧૩ ડોનર્સ પાસેથી કુલ ૭૬ કરોડ રૂપિયા ડોનેશન તરીકે મળ્યા છે.એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભાજપને ડોનેશનમાં મળેલી રકમ કોંગ્રેસ, એનસીપી, સીપીઆઈ, સીપીએમ અને તૃણમૂળ કોંગ્રેસને મળેલી રકમ કરતા ત્રણ ગણી વધારે છે. કોંગ્રેસને ભાજપ બાદ સૌથી વધારે ૨૦ કરોડ રૂપિયા ડોનેશનમાં મળ્યા છે. જે ૯૧૮ ડોનર્સ દ્વારા આપવામાં આવ્યા છે. ડોનેશનમાં મળેલી રકમની વિગત રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પંચને સોંપી દેવામાં આવી છે. કોંગ્રેસ અને ભાજપ દ્વારા પોતાના આવકવેરા રિટર્નની માહિતી હજુ સુધી ચૂંટણી પંચને આપી નથી. જેથી ૨૦૦૦૦ રૂપિયાથી ઓછીની લિમિટમાં કેટલી રકમ ડોનેશન તરીકે આ લોકોને મળી છે તેની વિગત જાહેર કરવામાં આવી નથી. બહુજન સમાજ પાર્ટી દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે વર્ષ ૨૦૧૫-૧૬માં ૨૦૦૦૦ રૂપિયાની લિમિટમાં રકમ મળી નથી. રોચક બાબત એ છે કે વર્ષ ૨૦૧૪-૧૫ની તુલનામાં પાર્ટીઓને મળેલા ડોનેશનની રકમમાં ૫૨૮ કરોડ રૂપિયા સુધીનો નોંધપાત્ર ઘટાડો થયો છે. એટલે કે ડોનેશનમાં ૮૪ ટકા સુધીનો મોટો ઘટાડો નોંધાઈ ગયો છે. એનસીપીને મળેલા ડોનેશનમાં ૯૮ ટકા સુધીનો ઘટાડો થયો છે. તેને આ વખતે માત્ર ૭૧ લાખ રૂપિયા જ ડોનેશન તરીકે મળ્યા છે. ભાજપને ડોનેશનની રકમ વર્ષ ૨૦૧૪-૧૫ની તુલનામાં ૮૨ ટકા ઓછી રકમ છે.

### ગરીબો પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે વડાપ્રધાને ૯૯ ટકા ઈમાનદાર લોકોને પરેશાન કરી દીધા છે. તેમણે આક્ષેપ મુક્યો હતો કે, નોટબંધીની પાછળ સરકારનો એકમાત્ર ઈરાદો અમીર લોકોની બેંક લોનને માફ કરવાનો છે. રાહુલે કહ્યું હતું કે, મોદીની સરકારે વિજય માલ્યાને ૧૨૦૦ કરોડ રૂપિયાની ટ્રોફી આપી હતી. તેમના ૧૨૦૦ કરોડ રૂપિયાના દેવાને માફ કરી દેવામાં આવ્યું છે. આ ચોરના પૈસા કેમ માફ કરવામાં આવ્યા તેવો પ્રશ્ન કરવામાં આવ્યો હતો. રાહુલે પોતાના ભાષમાં એવી કથિત માહિતીનો ઉલ્લેખ પણ કર્યો હતો જેને લઈને અનેક વખત તેઓ દાવો કરી રહ્યા હતા.

રાહુલે ઈન્કમટેક્સના દસ્તાવેજોનો હવાલો આપતા કહ્યું હતું કે, ૨૨મી નવેમ્બર ૨૦૧૪ના દિવસે સહારા કંપની ઉપર પાડવામાં આવેલા દરોડામાં પીએમ મોદીને કથિતરીતે કરોડો રૂપિયા આપવાની વાત સપાટી ઉપર આવી હતી પરંતુ આજ સુધી તેમાં કોઈ તપાસ થઈ નથી. તેમણે દાવો કર્યો હતો કે, મોદીને નવ વખત કરોડો રૂપિયા આપવામાં આવ્યા હતા. રાહુલે દાવો કર્યો હતો કે, આ કથિત દસ્તાવેજો ઉપર ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓના હસ્તાક્ષર પણ રહેલા છે. મોદી સરકારની બ્લેકમનીની સામે કાર્યવાહીને દેખાવા પુરતી ગણાવીને રાહુલે કહ્યું હતું કે, ચૂંટણીથી પહેલા ૨૦૧૪માં મોદીએ ખુબ ભાષણો આપ્યા હતા. દરેક ભાષણમાં કહ્યું હતું કે, કાળા નાણા વિદેશી બેંક એકાઉન્ટમાં છે. આ નાણાને પરત લાવવામાં આવશે. તમામને ૧૫ લાખ રૂપિયા આપવામાં આવશે. રાહુલે કહ્યું હતું કે, સ્વિત્ઝર્લેન્ડની સરકારે સ્વિસ બેંક ખાતા ધારકોના નામ સરકારને મોકલી દીધા છે પરંતુ સરકાર તેનો ખુલાસો સંસદમાં કરી રહી નથી. નોટબંધીને લોકો ઉપર બોંબમારા તરીકે ગણાવીને રાહુલે કહ્યું હતું કે, એક ટકા લોકોને ટાર્ગેટ બનાવવાના બદલે ૯૯ ટકા લોકોને ટાર્ગેટ બનાવવામાં આવ્યા છે. મોદીએ ૫૦ પરિવારોની સામે નહીં ખેડૂતો, મજુરો, મધ્યમ વર્ગ ઉપર સર્જિકલ સ્ટ્રાઈક કરી દીધી છે. ખેડૂતોની લોન માફ કરવાના બદલે અમીરોની લોન મોદી માફ કરી રહ્યા છે.

### ગંગા જેટલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોર્ટમાં પેન્ડિંગ છે. આધારવગરના આક્ષેપો કરવાની બાબત રાહુલ ગાંધીની ટેવ પડી ગઈ છે.

ભ્રષ્ટાચારના સંરક્ષણ પાસેથી અન્ય કોઈ અપેક્ષા રાખી શકાય નહીં. સુપ્રીમ કોર્ટમાં ત્રણ વખત કહેવામાં આવી ચુક્યું છે કે, આ કોઈ આરોપ નથી, પુરાવા નથી. કોઈપણ હોમવર્ક કર્યા વગર કોઈ વિષયને ગંભીરતાથી સમજ્યા વગર આક્ષેપોમાં રાહુલ ગાંધી માનતા થયા છે. રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, મોદી ઉપર આરોપો મુકનાર રાહુલ ગાંધી પોતે ૫૦૦૦ કરોડ રૂપિયાના નેશનલ હેરાલ્ડ કેસમાં જામીન ઉપર છે. યુપીએ સરકારમાં થયેલા કૌભાંડોનો ઉલ્લેખ કરતા પ્રસાદે કહ્યું હતું કે, કોંગ્રેસનો ઈતિહાસ ભ્રષ્ટાચારથી ભરાયેલો છે. કોંગ્રેસના શાસનમાં તમામ ક્ષેત્રે ભ્રષ્ટાચાર થયા છે. રાહુલ ગાંધીને જવાબ આપવો જોઈએ કે, ૧૦ વર્ષની સરકારમાં આપની તાકાત મનમોહનસિંહ કરતા વધારે હતી ત્યારે ભ્રષ્ટાચારની સામે કોઈ વાત કેમ કરી ન હતી. ચંદીગઢ ચૂંટણીમાં જીતનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, કેન્દ્ર, પ્રદેશ, અને પેટા ચૂંટણીમાં સતત જીત મેળવી રહી છે. કોંગ્રેસને હવે લોકો મ્યુનિસિપાલટી માટે પણ લાયક ગણતા નથી.

### ફોગીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લગભગ ત્રણ કલાક સુધી સતત ફોગીંગ કરતાં નજીકના સે. ૧૭માં પણ ધુમાડો પ્રસરી જવા પામ્યો હતો તેમજ જિલ્લા પંચાયત કચેરી સુધી ધુમાડાની અસરો જોવા મળતી હતી.

તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મહાત્મા મંદિર ખાતે પણ આગોતરા પગલાં તરીકે ફોગીંગ કરાશે. આ માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન પાસેથી મોટા ફોગીંગ મશીનો પણ મંગાવવામાં આવશે. દરમ્યાન તંત્રની ટીમે અહિ રોજગારી માટે આવેલ પરપ્રાંતિય ૧૨૦ જેટલા મજૂરોનું મેલેરિયાને લઈ સ્કીનીંગ પણ કર્યું છે. જેમાં એક પણ દર્દી મેલેરિયાથી પિડાતો મળી આવેલ નથી.

### શેડ હટાવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દબાણ ઉભુ કર્યુ હતુ. જેના લીધે દુકાન કરતા ચાર ગણી જગ્યામાં દબાણોએ રોકી લેતા ફુડકોર્ટ વિસ્તારમાં અનેક વિધ સમસ્યાઓ ઉભી થવા પામી હતી. જયારે ગેરકાયદેસર શેડ બનાવવાની સાથે બાજુની જગ્યામાં જ નવા દબાણો પણ ઉભા કરી દેવાયા હતા. હાલ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી સમગ્ર શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. નગરને દબાણ મુક્ત કરવા તંત્રની ટીમ કામે લાગી છે. શહેરમાં એકપણ લારી ગલ્લાનુ દબાણ ન જોવા મળે તે માટે મુખ્યમાર્ગોને સંપુર્ણ દબાણ મુક્ત કરવામાં આવ્યા છે. આ દરમિયાન ઘ-૫ ના ખાણીપીણી બજારમાં પણ દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. મહાનગરપાલિકાની દબાણ શાખાના અધિકારી મહેશ મોડ તેમજ તેમની ટીમે ઘ-૫ ખાણીપીણી બજારમાંથી દબાણનો સફાયો કર્યો હતો. જેમાં ખાણીપીણી બજારમાં ઉભા કરાયેલા ૩૬ જેટલા શેડ દુર કરાયા હતા. આ ઉપરાંત વેપારીઓએ શેડ પર કચરાપેટી અને ભંગાર સહીતનો કાટમાળનો ઢગલો કર્યો હતો તે પણ કબજે લેવાયો હતો. ખાણીપીણી બજારમાં લાંબા સમયથી ખડકાયેલી જુની લારીઓ પણ જપ્ત કરાઈ હતી.

### લાગણીનો મેળો

● ૪ પાનાનું ચાલુ...

બધાંને પોતીકાં – સ્વજન ગણીએ છીએ ખરાં? પોતીકા બનાવવા કદી મથ્યા છો ખરાં? ક્યારેય એવું અનુભવ્યું છે ખરું કે બીજાનું દુઃખ તે આપણું દુઃખ, બીજાનો દુરાચાર તે આપણો દુરાચાર, બીજાનું પ્રાયશ્ચિત તે આપણું પ્રાયશ્ચિત? જો અન્તઃકરણમાંથી આવો જ અવાજ ઊઠે તો ખુદ પરમાત્મા કહેશે કે 'આ દેશ તારો છે.'

જન્મવાથી કદાચ દેશના નાગરિક બની જવાય પરંતુ દેશ આપણો તો આપણી આજીવન સેવારૂપી તપશ્ચર્યાથી જ બની શકે. આપણે આપણા દેશબાંધવોની પીડા દૂર કરવાનો કદી પ્રયાસ કરીએ છીએ ખરાં? 'દુર્લભે ભારતજન્મ' નાં ખાલી ગાણાં ગાવાથી કશું ન વળે. આ રમ્ય ભવ્ય ભારત ભૂમિમાં જીવન હોમી દેવાથી જ દેશ આપણો થાય....

દોસ્તો, દેશ આપણા માટે શું કરે છે એ ન વિચારશો. આપણે આપણા દેશ માટે શું કરી છૂટીએ એ જરા વિચારો.

સ્પર્શમણિ

કર્તવ્ય માટે અડગ બનીને ઉભા રહીએ એ જ સર્વોચ્ચ દેશભક્તિ છે.

-અજ્ઞાત

- Rasikvaland1965@gmail.com